પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૦ ૯ જુન, ૨૦૧૮, શનિવાર; અ. જેઠ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**શેલ કંપનીઓ પર તવાઈ**

કેન્દ્ર સરકાર નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં શેલ કંપનીઓ સામે પોતાના અભિયાનનો બીજો તબક્કો શરૂ કરશે. તેમાં ૨.૨૫ લાખ જેટલી શેલ કંપનીઓ શોધી કાઢવામાં આવી છે જેનું રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે.

**પરવેઝ મુશર્રફનો પાસપોર્ટ રદ**

પાકિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જનરલ પરવેઝ મુશર્રફનું રાષ્ટ્રીય ઓળખપત્ર અને પાસપોર્ટ સસ્પેન્ડ કરી દેવાયા છે. પાક સરકારની ઈન્ટર્નલ મિનિસ્ટ્રીએ આ આદેશો જાહેર કર્યા છે.

**હરિયાણાના ખેલાડીઓએ ૩૩% કમાણીની રકમ જમા કરાવવી પડશે**

હરિયાણા સરકારે સરકારી નોકરી કરતા ખેલાડીઓને કહ્યું છે કે, જો તમે કોઈ પ્રોફેશનલ સ્પોર્ટસમાં ભાગ લો અથવા કંઈ કરો તો તેની કમાણીનો ૩૩ ટકા ભાગ તમારે સ્પોર્ટસ કાઉન્સિલને આપવાનો રહેશે. તે માટે સ્પોર્ટસ એન્ડ યુથ અફેર ડિપાર્ટમેન્ટ દ્વારા નોટિફિકેશન બહાર પડાયું છે

**યુપીના ઉપમુખ્યમંત્રી વિરૂદ્ધ કોર્ટમાં કેસ**

સીતાને ટેસ્ટ ટ્યૂબ બેબી કહી વિવાદનો મધપૂડો છંછેડનાર યુપીના ઉપમુખ્યમંત્રી દિનેશ શર્મા વિરૂદ્ધ શાહજહા પુર કોર્ટમાં કેસ દાખલ કરાયો છે. હિન્દુઓની લાગણીઓને દુભાવવા બદલ આ કેસ દાખલ કરાયો છે.

# મોદીની હત્યાના કાવતરાનો પર્દાફાશ

**રાજીવ ગાંધીની જેમ જ હત્યા કરવાનું કાવતરુ ઘડાયું હતું : પુણે પોલીસને એક આરોપીના આવાસથી મળી આવેલા પત્રમાં ચોંકાવનારો ખુલાસો : હાલમાં પાંચ લોકોની ધરપકડ બાદ કાવતરા અંગેની વિગતો ખુલી : માઓવાદીઓએ વડાપ્રધાનના રોડ શોને નિશાન બનાવવાની વાત લખી છે**



નવીદિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઘાતકી હત્યા કરવા માટેનું કાવતરું ઘડાયું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. માઓવાદીઓ દ્વારા મોદીની રાજીવ ગાંધીની જેમ હત્યા કરવા માટેનું કાવતરું ઘડી કાઢ્યું હતું. ભીમા-કોરેગાંવમાં જાન્યુઆરીમાં થયેલી હિંસામાં પાંચ લોકોની ધરપકડ બાદ આ ચોંકાવનારી વિગતો ખુલી છે. પુણે પોલીસને એક આરોપીના ઘરથી એવો પત્ર મળ્યો છે જેમાં રાજીવ ગાંધીની હત્યા જેવી પ્લાનિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પત્રમાં વડાપ્રધાન મોદીને ટાર્ગેટ બનાવવાની વાત કરવામાં આવી છે. પોલીસે બુધવારના દિવસે રોના જેકબ, સુધીર ઢાવલે, સુરેન્દ્ર ગાડલિંગ સહિત પાંચ લોકોની ધરપકડ કરી હતી. જેકબ વિલ્સનની દિલ્હીમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ઢાવલેને મુંબઈમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. ગાડલિંગ અને સોમા સેન અને મહેશ રાવતને નાગપુરમાંથી પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસનું કહેવું છે કે, આ પત્ર વિલ્સનના દિલ્હીના મુનેરકા સ્થિત ફલેટમાંથી કબજે કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## આગામી ચૂંટણી પૂર્વે કેન્દ્રિય કર્મીઓનો પગાર વધી શકે

**પ્રસ્તાવમાં કેન્દ્રિય કર્મચારીઓના લઘુતમ પગારને ૧૮ હજાર રૂપિયાથી વધારી ૨૧ હજાર કરવા માટેની યોજના**

નવી દિલ્હી,તા. ૮

સામાન્ય ચૂંટણી પહેલા મોદી સરકાર કેન્દ્રિય કર્મચારીઓને રાહત પેકેજ આપવાની જાહેરાત કરી શકે છે. લાખો કેન્દ્રિય કર્મચારીઓના સીધી રીતે આના કારણે ફાયદો થશે. લાખો કેન્દ્રિય કર્મચારીઓના પગારમાં સુધારા સાથે સંબંધિત પ્રસ્તાવને ટુંકમાં જ મોદી સરકાર મંજુરી આપી શકે ચે. સુત્રોના કહેવા મુજબ પ્રસ્તાવમાં કેન્દ્રિય કર્મચારીઓના લઘુતમ પગારને હવે ૧૮ હજાર રૂપિયાથી વધારીને ૨૧ હજાર કરવામાં આવનાર છે. જો કે કેન્દ્રિય કર્મચારીઓના સંગઠન દ્વારા લઘુતમ પગારને વધારીને ૨૬ હજાર રૂપિયા કરવાની માંગણી કરે ચે. આ મામલે અખિલ ભારતીય આરોગ્ય કર્મચારી સંઘના અધિકારી રામકૃષ્ણે કહ્યુ છે કે જ્યારથી સાતમા વેતન પંચની ભલામણ લાગુ કરવામાં આવી છે ત્યાંથી તમામ કર્મચારીઓ તેમાં વધારો કરવાની માંગ કરી રહ્યા છે. દબાણ વધી ગયા બાદ સરકારે આ સંબંધમાં ધ્યાન આપવા માટે સમિતીની રચના કરવામાં આવી હતી. ત્યારબાદથી હજુ સુધી રાહત આપવાની માત્ર ચર્ચા કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસ સરકારમાં હજુ અસંતોષ

**મુખ્યમંત્રી કુમારસ્વામીએ પણ કબૂલાત કરી : કોંગ્રેસના કેટલાક નાખુશ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાના અહેવાલ : રોટેશન ફોર્મ્યુલા પર પણ વાતચીત**

બેંગ્લોર,તા. ૮

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ રાજ્યમાં શરૂ થયેલી રાજકીય ખેંચતાણનો દોર હજુ પણ જારી રહ્યો છે. થોડાક દિવસ પહેલા મંત્રીમંડળના વિસ્તરણ બાદ કોંગ્રેસ પાર્ટીની અંદર કેટલાક ધારાસભ્યો નાખુશ દેખાઈ રહ્યા છે. પાર્ટી છોડવા માટેની વિચારણા પણ કરી રહ્યા છે. કોંગ્રેસ ધારાસભ્યોની નારાજગીને દૂર કરવા માટે પાર્ટી રોટેશન પ્લાન ઉપર વિચારણા કરી રહી છે. બીજી બાજુ કોંગ્રેસના સંકટ મોચન ગણાતા ડીકે શિવકુમાર અને મુખ્યમંત્રી કુમારસ્વામીએ કબૂલાત કરી છે કે, કેટલાક ધારાસભ્યો નાખુશ દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શિવકુમારે કહ્યું છે કે, આ સ્વાભાવિક છે કે, વરિષ્ઠ નેતા નારાજ દેખાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## હવે રાહુલ ગાંધી ૧૨મીએ મહારાષ્ટ્ર કોર્ટમાં હાજર થશે

નવી દિલ્હી,તા. ૮

કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીની મુશ્કેલી હાલમાં દુર નહીં થાય તેવી શક્યતા છે. તેમના વિરોધ છતાં પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ગુરૂવારના દિવસે સંઘના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ રાહુલ ગાંધીની સામે વધુ એક સમસ્યા હવે આવી રહી છે.

પ્રાપ્ત હેવાલ મુજબ રાહુલ ગાંધીને સંઘ દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલા બદનક્ષીના એક કેસના સંબંધમાં ૧૨મી જુનના દિવસે મહારાષ્ટ્રની કોર્ટમાં હાજર થનાર છે. રાહુલ ગાંધી મંગળવારે ભિવન્ડી જવા રવાના થશે. તેમના કાર્યક્રમ મુજબ અંગત હાજરી કોર્ટમાં આપી દીધા બાદ રાહુલ ગાંધી મુંબઈમાં પાર્ટી બુથ લેવલના કાર્યકરોની સાથે વાતચીત કરનાર છે. રાહુલ ગાંધી હાજરી આપશે ત્યારબાદ કોર્ટ તેમની સામે આરોપો ઘડી કાઢે તેવી શક્યતા છે. ગઈકાલે સંઘના કાર્યક્રમમાં પ્રણવ મુખર્જી હાજરી આપવા માટે પહોંચ્યા હતા.

નવી બ્રાંચ શુભારંભ
મોટા ચિલોડા
Shrinath TRAVEL AGENCY PVT. LTD SINCE 1978
પુરોહિત હોટેલની બાજુમાં, મોટા ચિલોડા સર્કલ, અમદાવાદ
રેગ્યુલર બસ સર્વિસ
દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ
ટીકીટ બુકિંગ 7228034566 | ઓનલાઈન બુકિંગ www.shrinath.biz | કસ્ટમર કેર 9099022225

SIDDHRAJ
INFRA PVT. LTD

FIND CONCURRENCE, TRANQUILLITY AND YOURSELF...




SAMPLE APARTMENT READY
visit by appointment only...

SIDDHRAJ Z+
A TROPICAL EXPERIENCE

6 Rooms Premium Living | Nr. Sargasan Cross Roads, Gandhinagar | Call: +91 97251 07999

RERA Registration No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00869/301117